# ઓન્ટેરિયોની જનતાના શિક્ષણની વ્યવસ્થામાં કોણ શું કરે ?

people for Education
BECAUSE EDUCATION MATTERS MOST

કેનેડામાં જનતાના શિક્ષણની જવાબદારી પ્રાન્તની છે. આ માહિતીપત્ર તમને ઓન્ટેરિયોની જનતાના શિક્ષણનો સંચાલન કેવીરીતે ચાલે છે તે સમજવામાં મદદરૂપ થશે અને શાળાઓ, સ્કૂલ બોર્ડઝ અને મિનીસ્ટ્રી ઓફ એજ્યુકેશન શુ ભાગ ભજવે છે.

## ધી પ્રોવિન્સલ મિનીસ્ટ્રી ઓફ એજ્યુકેશન

મિનીસ્ટ્રી ઓફ એજ્યુકેશન ઓન્ટેરિયોના જનતાના શિક્ષણના સંચાોનનુ બધુ જ ધ્યાન રાખે છે. ઓન્ટેરિયોનો એજ્યુકેશન એકટ (Ontario's *Education Act*) પ્રમાણે મિનીસ્ટ્રી ઓફ એજ્યુકેશન, સ્કૂલ બોર્ડઝને, સુપરવાયઝરી ઓફિસરસ,

( સૂપરિટેન્ડન), મૂખ્ય શિક્ષકો, શિક્ષકો, માતા–પિતા, અને વિદ્યાર્થીઓ (હાય સ્કૂલ) ની ફરજ અને જવાબદારીઓ ઘડે છે.

મિનીસ્ટ્રી માટે જવાબદાર છેઃ

- શાળાના બોર્ડઝ માટે સંચાલન અને માર્ગદર્શન ઘડવા
- નાણાની વ્યાખ્યા વાપરીને શાળાને નાણાનો ભાગ આપવા
- પ્રાન્તનુ અભ્યાસક્રમ સ્થાપવા (દરેક ધોરણમાં વિદ્યાર્થીઓ શું શીખશે)
- ગ્રેજુએશની જરૂરિયાતને માટેની યોજના ઘડવા (ડિપ્લોમા અને સર્ટિફિકટ)
- માન્ય કરેલા પાઠય પુસ્તકો અને બીજા શીખવાના સાધનોનુ લિસ્ટ ઉત્પન કરવા

શિક્ષણ ખાતાના પ્રધાનનુ નિયોજન વડા પ્રધાનના તરફથી થાય છે. અને તે ચુંટાએલો પાર્લામેન્ટનો સભ્ય (MPP) હોય છે.

તમે મિનીસ્ટ્રી ઓફ એજ્યુકેશનનો સંપર્ક **www.edu.gov.on.ca** પર કરી શકો છો અથવા તો ૧–૮૦૦– ૩૮૭ – ૫૫૧૪ પર ફોન કરીને

## એજ્યુકેશન કવોલટિ એન્ડ એકાઉન્ટેબિલીટી ઓફિસ – ઈ.કયુ.એ.ઓ(Education Quality and Accountability Office (EQAO)

ઈ.કયુ.એ.ઓ (EQAO) એ સ્વતંત્ર સરકારી સંસ્થા છે. આખા પ્રાન્તની ધોરણ ૩,૬, અને ૯ અને ૧૦ ની પરિક્ષાનુ પ્રમાણભુતનુ દેખરેખ રાખે છે. તે લોકોની જવાબદારી છે :

- વાંચવા, લખવા અને ગણિતસાસ્ત્રની પરિક્ષાઓ વિકાસવવી અને સંચાલન કરવું
- પ્રમાણભુત કરેલી પરિક્ષાઓના પરિણામને જનતા અને મિનીસ્ટ્રીમાં જણાવવી
- પરિક્ષાના પરિણામને સુધારવા માટે ભલામણ કરવી

(EQAO) ઈ.કયુ.એ.ઓ નો સંપર્ક at **www.eqao.com** પર અથવા ૧–૮૮૮–૩૨૭– ૭૩૭૭ પર ફોન કરીને કરી શકો છો

## ઓન્ટેરિયો કોલજ ઓફ ટીચરસ (Ontario College of Teachers)

ઓન્ટેરિયો કોલજ ઓફ ટીચરસ શિક્ષણનની કારકિર્દિનુ ધોરણસરનુ ક્રમ ગોઠવે છે . એની જવાબદારીમાં સમાવેશ છેઃ

- શિક્ષણનુ સર્ટિફિકટ અને શિક્ષકની તાલીમ લેવાના કાર્યક્રમની જરૂરિયાત સ્થાપવી
- પ્રાન્તની તાલીમ લીધેલા અને રજીસ્ટર થએલા શિક્ષકોને નિભાવવા
- શિક્ષકને માટે થએલી ફરિયાદ ની તપાસ કરવી

ઓન્ટેરિયો કોલજ ઓફ ટીચરસનો સંપર્ક તમે **www.oct.ca** પર અથવા તો ૧–૮૮૮–૫૩૪– ૨૨૨૨ પર ફોન કરીને કરી શકો છો

## સ્કૂલ બોર્ડઝ (School Boards)

ઓન્ટેરિયોમાં ૭૨ સ્કૂલ બોર્ડ છે જેમા ૩૧ અંગ્રેજી પબ્લિક બોર્ડઝ, ૨૯ અંગ્રેજી કેથલિક બોર્ડઝ, ૪ ફ્રેન્ચ પબ્લિક બોર્ડઝ, ૮ ફ્રેન્ચ કેથલિક બોર્ડઝનો સમાવેશ થાય છે. "શાળાની સત્તાધારીઓ" પણ તરેહ તરેહની છે, જેઓ હોસ્ટિલના સારવાર કેંદ્રની શાળાઓનુ અને પ્રાન્તના વેગળા પડેલા વિભાગનુ દેખરેખ રાખે છે.

સ્કૂલ બોર્ડઝને માટે જવાબદાર છે :

- નકકી કરે છે કે પ્રાન્તના તરફથી મળેલા નાણાને કેવીરીતે વાપરવા, દાખલા તરીકે શિક્ષકો અને બીજા સ્ટાફને રાખવા શાળા બાંધવી અથવા તો શાળાને સારી સ્થિતમાં રાખવી શાળાની વસ્તુઓની ખરીદી કરવી
- કયાં નવી શાળા બાંધવી અને જરૂર હોય તો કયારે શાળા બંધ કરવી તે નકકી કરવુ
- શાળાઓમાં સ્પેશલ એજ્યુકેશન, નવા આવનાર માટે અને ફ્રેન્ચ ઈમરઝન જેવા કાર્યક્રમો આપવા
- સ્થાનિક શિક્ષણની યોજના વિકાસવાવી (દા.ત. સલામતી વાળી શાળા, ઘરકામ)
- સ્કૂલ બોર્ડઝ માટે વાર્ષિક ચોકકસ અંદાજપત્ર સ્થાપવુ
- શાળાઓ શિક્ષણના ઘડેલા કાયદાઓનુ પાલન કરે તેની ખાતરી કરવી
- દરેક શાળામાં સ્કૂલ કાઉન્સિલ અને બોર્ડને માટે પેરેન્ટ ઈન્વોલ્વમેન્ટ (Parent Involvement Committee) કમિટી સ્થાપે



People for Education is an independent parents' group working to support public education in Ontario's English, French and Catholic schools.
You can reach us at: P.O. Box 64, Station P, Toronto, Ontario, M5S 2S6
phone: 416-534-0100 fax: 416-536-0100 e-mail: info@peopleforeducation.com or visit: www.peopleforeducation.com

મ્યુનિસિપલ ઈલેકશન વખતે **ટ્રસ્ટીઓ** ચુંટાય છે. તેઓ માતા–પિતા અને વિદ્યાર્થીઓના રસ ધરાવતા ક્ષેત્રના પ્રતિનિધીનુ કામ કરે છે. સ્કૂલ બોર્ડના ખર્ચાનો અંદાજ કાઢવાની અને વિદ્યાર્થીઓને કાયમ માટે કાઢી મુકવાની કમિટીમાં બેઠા હોય છે. શાળાની ઓફિસના સ્ટાફ પાસેથી અથવા તો બોર્ડની વેબ સાઈટ પર તપાસ કરવાથી તમે જાણી શકો છો કે તમારો ટ્રસ્ટી કોણ છે.

**સ્કૂલ સૂપરિન્ટેન્ડનસ** અથવા તો "સૂપરવાયઝરી ઓફિસરસ"બોર્ડના સ્ટાફ છે અને તેઓ દરેક સ્કૂલ બોર્ડની અમુક શાળાના વર્ગીકરણની જવાબદાર છે. સૂપરિન્ટેન્ડનસ કાયમને માટે કાઢી મુકેલાઓની વિનંતીમાં, સ્પેશલ એજયુકેશન, અને પોતાના વિસ્તાર બહારની શાળામાંથી હાજરી આપવાની વિનંતી હોય તો હાજરી આપવામાં કદાચ ભાગ લે. સૂપરિન્ટેન્ડનસ કદાચ આખા બોર્ડના કાર્યક્રમની દેખરેખ માટે નિમાય (દા.ત. સ્પેશલ એજયુકેશનનો સૂપરિન્ટેન્ડન) જો તમને જોઈતી મદદ તમારી શાળાના મુખ્ય શિક્ષક તરફથી ન મળે તો તમે તમારી શાળાના સૂપરિન્ટેન્ડનો સંપર્ક સાધી શકો છો

તમે આખા પ્રાન્તના સ્કૂલ બોર્ડઝનુ સંપૂર્ણ લિસ્ટ **http://esip.edu.gov.on.ca/english/core/BoardDirectory.asp** પર મેળવી શકો છો

## શાળાઓ

**મુખ્ય શિક્ષકો** દરેક શાળાની દેખરેખ રાખવા માટે  જવાબદાર છે.  તે લોકોને મદદ કરવા માટે એક અથવા વધારે **સહ મુખ્ય શિક્ષકો** કદાચ આપવામાં આવે મુખ્ય શિક્ષકો માટે જવાબદાર છે :

- શાળામાં અભ્યાસક્રમ અને શિક્ષણનુ દેખરેખ રાખવુ અને શાળાને સુધારવા માટેની યોજના ઘડવામાં નિર્ણય લેવો
- શિક્ષકો અને બીજા સ્ટાફનુ દેખરેખ રાખવુ
- વિદ્યાર્થીઓને દાખલ કરવા અને સ્પેશલ એજયુકેશનની ભરતી કરવાનો નિણર્ય લેવાનો
- શાળાના નાણાના અંદાજપત્રનુ સંચાલન કરવુ અને ઈમારત સારી રીતે રહે તેની ખાતરી કરવી
- ડિપાર્ટમેન્ટના વડા, આર્ટ સ્પેશિયાલિસ્ટસ, અથવા લાયબ્રેરી જેવા નિષ્ણાંત સ્ટાફને ફાળવણી કરવાને માટે નિણર્ય લેવો
- વિદ્યાર્થીઓના રેકોર્ડનુ સંચાલન કરવુ ઓ ખાતરી કરવી કે માતા–પિતાને પરિણામ મળે
- વિદ્યાર્થીઓની સભ્યતાની દેખરેખ રાખવી અને તાતકાલીક કાઢી મુકવા અથવા તો કાયમ માટે કાઢી મુકવાની શકયતાનો નિર્ણય લેવો
- સ્કૂલ કાઉન્સિલની જોડે કામ કરવુ અને માતા–પિતાને  ભાગ લેવા માટે પ્રોત્સાહન આપવુલ નાણા એકઠા કરવાના નિણર્ય લેવામાં મદદ કરવી અને ઘરકામ અને વર્તનના કાયદાની નવી યોજના વિકસાવવી

ઓન્ટેરિયોમાં **શિક્ષકોને** જનતાના શિક્ષણ સંસ્થામાં વિદ્યર્થીઓને ભણાવવા માટે શિક્ષણના માન્યતાવાળા સર્ટિફિકટ ફરજિયાત  હોવા જ જોઈએ શિક્ષકો માટે જવાબદાર છે :

- વર્ગને ભણાવવા માટે લેસન યોજના તૈયાર કરવી વર્ગને ભણાવવો અને વિદ્યર્થીની પ્રગતિનુ મુલ્યાંકન કાઢવુ
- વર્ગમાં સભ્યતા જાળવી રાખવી
- ઈતર પ્રવૃતિઓ ચલાવવી, રમતગમત, કલબઝ અને પ્રવૃતિઓ (વોલેન્ટિયરી)
- માતા– પિતા જોડે વિદ્યાર્થીઓની પ્રગતિ  વિષે ચર્ચા કરવી

**સ્કૂલ કાઉન્સિલસ** મુખ્ય શિક્ષક અને સ્કૂલ બોર્ડને સલાહ આપે છે. દરેક શાળામાં સ્કૂલ કાઉન્સિલ હોવુ જ જોઈએ અને જેના સભ્યોમાં માતા–પિતા, મુખ્ય શિક્ષક,એક  શિક્ષક એક વિદ્યાર્થીનો (હાય સ્કૂલ) એક ન ભણાવતો સ્ટાફ અને એક સમાજના પ્રતિનિધીનો સમાવેશ થાય છે. મોટા ભાગના સભ્યો માતા–પિતા હોવા જોઈએ અને પ્રમુખ માતા–પિતામાંથી હોવો જોઈએ. મુખ્ય શિક્ષક સ્કૂલ કાઉન્સિલના નિર્ણય પર મત નથી આપતા સ્કૂલ કાઉન્સિલ ને માટે જવાબદાર છેઃ

- માતા –પિતા અને સમાજ જોડે માહિતીની આપ લે કરે છે અને તેમના મત ધ્યાનામાં લઈને તેના પર કાઉન્સિલ  ચર્ચાની  કરે છે
- મુખ્ય શિક્ષકને અને સ્કૂલ બોર્ડ શાળાના કાર્યને સુધારવા માટેની કળા, ગણવેશ, શાળાનુ કેલેન્ડર, કાયદાના વહીવટ અને કપડાં મુખ્ય શિક્ષકની પસંદગી કરવાનુ ધોરણ અને શાળાને અસર થતી યોજના જેવા મુદદા પર સલાહ આપે

ઘણા સ્કૂલ કાઉન્સિલસ શાળાના સમાજ અને નાણા એકઠા કરવાની સમાજીક પ્રવૃતિમાં ઉત્સાહપુર્વક ભાગ લે છે.

સ્કૂલ કાઉન્સિલસની વધુ માહિતી માટે : **http://www.edu.gov.on.ca/eng/general/elemsec/council/guide.html** પર જૂઓ

## વધુ માહિતી માટે

ઓન્ટેરિયોના શિક્ષણના સંચાલન અને તેમા તમે કેવીરીતે ભાગ લઈ શકો તેની વધુ માહિતી માટે તમે સંપર્ક કરી શકો છો :

પીપલ ફોર એજયુકેશન માટે (People for Education at): **www.peopleforeducation.com** પર જૂઓ

ધી ઓન્ટેરિયો અસોશિયેશન ઓફ પેરેન્ટ ઈન કેથલિક એજયુકેશન માટે : (The Ontario Association of Parents in Catholic Education at) **www.oapce.on.ca** પર જૂઓ

ધી ઓન્ટેરિયો ફેડરેશન ઓફ હોમ એન્ડ સ્કૂલ અસોશિયેશન માટેઃ  (The Ontario Federation of Home and School Associations ) **www.ofhsa.on.ca/**પર જૂઓ

THE ONTARIO TRILLIUM FOUNDATION    LA FONDATION TRILLIUM DE L'ONTARIO

This tip sheet was developed with the support of the Ontario Trillium Foundation.

Copies are available in several languages at www.peopleforeducation.com.
For more information, call 416-534-0100 (toll-free 1-888-534-3944) or email info@peopleforeducation.com
© People for Education 2008